Extra No. 68

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] TUESDAY, FEBRUARY 24, 2026 / PHALGUNA 5, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

વલસાડ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૪-વલસાડ-જિ. પં.-૨૦૨૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)ની કલમ-૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ-૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક : KPV-62-DC-ELC-L-4-DP-33-2025, તા. ૦૯-૦૯-૨૦૨૫ (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અન્વયે વલસાડ જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
		અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
		સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
વલસાડ	૩૬	૧	૦	૧૨	૧૨	૨	૨	૩	૪

૨. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪, (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છેઃ

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ

નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા આરક્ષિત વર્ગો માટે બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસતી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

વલસાડ જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૧૨૧૭૫૪૫ છે. જેથી બેઠક દીઠ સરેરાશ વસતી ૩૩૮૨૧ થાય છે. જેમાં ૨૦% વધઘટ મુજબ મતદાર મંડળની વસતી મહત્તમ ૪૦૫૮૫ તથા લઘુત્તમ ૨૭૦૫૭ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ

ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ. નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૩૦	સોળસુંબા	૨૬૬૮૮	(-) ૧. ૦૯ %

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ વલસાડ જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩ માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧	આબાંતલાટ તા. ધરમપુર	૨૪-ઉકતા	૩૫૭૦	૮૬૭૬	૪		૮૬૩૯			
		૧-આંબાતલાટ	૫૬૭૯	૮૨૫૩	૧૨		૮૨૦૨			
		૬-બરૂમાળ	૩૫૦૮	૭૨૭૦	૭		૭૧૭૫			
		૮-ભેંસદરા	૪૪૭૦	૭૪૫૫	૦		૭૦૭૫			
		કુલ	૧૭૨૨૭	૩૧૬૫૪	૨૩	૦. ૦૭	૩૧૦૯૧	૯૮. ૨૨	૩૧	૯
૨	આસલોણા તા. કપરાડા	૨-આસલોણા	૫૫૦૧	૭૬૮૦	૩૯		૭૩૪૦			
		૧૨-મોટી પલસાણ	૪૫૪૫	૮૨૪૧	૦		૮૨૧૧			
		૧૩-નાની પલસાણ	૧૭૨૨	૬૮૪૭	૦		૬૮૩૮			
		૧૬-સુલીયા	૧૯૪૩	૮૫૬૩	૦		૮૨૩૫			
		૧૭-તેરીચીખલી	૨૫૮૫	૭૩૫૮	૦		૭૬૧૨			
		કુલ	૧૬૨૯૬	૩૮૬૮૯	૩૯	૦. ૧૦	૩૮૨૩૬	૯૮. ૮૩	૨૯	૫
૩	અંભેટી તા. નાનાપોંઢા	૧- અંભેટી	૭૪૮૪	૭૪૮૪	૨૪૭		૫૯૨૧			
		૭-કાકડકોપર	૩૭૮૦	૬૬૭૬	૪૮		૬૨૮૩			
		૮- કોપરલી	૪૪૫૦	૭૦૬૪	૧૯૯		૪૯૮૫			
		૧૯-રાતા	૫૩૯૯	૭૬૪૬	૩૨૧		૨૩૩૯			
		૨૦-સુખાલા	૪૭૨૨	૭૦૭૮	૧૨૫		૬૭૮૯			
		કુલ	૨૫૮૩૫	૩૫૯૪૮	૯૪૦	૨. ૬૧	૨૬૩૧૭	૭૩. ૨૧	૧૩	૧૭

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૪	અટગામ તા. વલસાડ	૧૫- કલવાડા	૩૭૬૧	૧૦૩૯૧	૩૭૭		૬૧૪૮			
		૧- અટગામ	૮૭૮૬	૮૭૮૬	૧૯૭		૫૯૨૪			
		૧૬-કાંજણરણછોડ	૩૬૬૬	૮૮૬૭	૨૩૧		૬૬૮૪			
		૨૩-મરલા	૩૯૪૮	૮૫૭૦	૪૦		૭૮૭૭			
		કુલ	૨૦૧૬૧	૩૬૬૧૪	૮૪૫	૨. ૩૧	૨૬૬૩૩	૭૨. ૭૪	૧૬	૧૯
૫	આવધા તા. ધરમપુર	૨-આંબોસી ભવઠાણ	૨૬૪૭	૭૭૪૩	૦		૭૭૧૨			
		૩-આવધા	૩૫૦૩	૬૯૯૯	૧		૬૯૩૯			
		૭-ભાનવળ	૧૧૦૬	૭૬૫૨	૧		૭૬૨૪			
		૨૨-પીંડવળ	૨૩૭૮	૭૦૫૯	૦		૭૦૨૪			
		કુલ	૯૬૩૪	૨૯૪૫૩	૨	૦. ૦૧	૨૯૨૯૯	૯૯. ૪૮	૩૫	૧
૬	બામટી તા. ધરમપુર	૧૪-કરંજવેરી	૩૭૩૪	૯૫૮૦	૦		૯૫૨૯			
		૪-બામટી	૪૭૮૭	૮૭૨૫	૭૯		૭૭૫૪			
		૧૬-ખારવેલ	૨૫૯૯	૭૧૭૫	૪૧		૫૭૦૮			
		૨૦-નાનીઢોલડુંગરી	૨૦૭૪	૮૯૬૩	૦		૮૮૯૭			
		કુલ	૧૩૧૯૪	૩૪૪૪૩	૧૨૦	૦. ૩૫	૩૧૮૮૮	૯૨. ૫૮	૨૬	૧૨
૭	ચણવઈ તા. વલસાડ	૫- ચણવઈ	૫૮૩૪	૧૦૫૩૧	૧૨૧		૭૪૪૩			
		૧૦-ગાડરીયા	૩૦૫૮	૮૯૬૮	૧૩૧		૩૩૭૯			
		૧૩- જુજવા	૩૪૨૦	૮૬૪૧	૭૭		૫૦૭૫			
		કુલ	૧૨૩૧૨	૨૮૧૪૦	૩૨૯	૧. ૧૭	૧૫૮૯૭	૫૬. ૪૯	૨૩	૨૩
૮	ડહેલી તા. ઉમરગામ	૪-ડહેલી	૧૦૭૪૫	૧૦૪૭૫	૧૪૬		૫૮૧૪			
		૨૮-તુંબ	૩૫૩૯	૧૦૧૩૦	૪૧		૮૭૪૪			
		૩૦-ઝરોલી	૫૪૬૯	૯૫૧૮	૧૫૬		૮૧૪૫			
		૧-અંકલાછ	૫૮૫૫	૭૫૯૮	૪૨૧		૬૪૪૯			
		કુલ	૨૫૬૦૮	૩૭૭૨૧	૭૬૪	૨. ૦૩	૨૯૧૫૨	૭૭. ૨૮	૧૮	૧૬
૯	ડુંગરી તા. વલસાડ	૯-ડુંગરી	૯૨૦૭	૯૮૮૬	૩૪૫		૩૧૧૪			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૭-ચીખલા	૨૮૨૫	૯૦૧૨	૨૯૩		૩૬૫૩			
		૨૦- લીલાપોર	૨૯૭૧	૮૬૭૨	૫૨૩		૩૨૧૦			
		૧૧-ગોરગામ	૩૭૩૧	૭૪૪૫	૫૨૩		૪૦૬૯			
		કુલ	૧૮૭૩૪	૩૫૦૧૫	૧૬૮૪	૪. ૮૧	૧૪૦૪૬	૪૦. ૧૧	૪	૨૮
૧૦	ફણસા તા. ઉમરગામ	૬-ફણસા-૧	૮૪૧૭	૮૪૧૭	૭૨૬		૧૭૩૬			
		૭-ફણસા-૨	૬૦૪૨	૮૬૬૩	૧૦૮		૬૧૫૯			
		૧૪-માંડા	૬૦૨૨	૮૪૧૩	૫૩		૭૪૮૬			
		૨૫-સરોંડા	૨૯૭૮	૭૪૧૨	૨૨૬		૬૧૩૦			
		કુલ	૨૩૪૫૯	૩૨૯૦૫	૧૧૧૩	૩. ૩૮	૨૧૫૧૧	૬૫. ૩૭	૧૦	૨૨
૧૧	હનમતમાળ તા. ધરમપુર	૧૦-બોપી	૩૧૧૯	૮૯૫૫	૨૨		૮૮૮૧			
		૧૩-હનમતમાળ	૪૬૨૮	૭૬૨૮	૩		૭૬૦૫			
		૧૫-ખાંડા	૨૫૭૩	૭૨૪૮	૦		૭૨૦૫			
		૧૯-મુરદડ	૧૪૫૮	૮૫૩૬	૦		૮૨૯૨			
		કુલ	૧૧૭૭૮	૩૨૩૬૭	૨૫	૦. ૦૮	૩૧૯૮૩	૯૮. ૮૧	૩૦	૬
૧૨	કકવાડી દાતી તા. વલસાડ	૨૨- માલવણ	૫૧૬૫	૧૧૦૧૫	૧૧૨		૧૧૦૧			
		૬- છરવાડા	૩૪૨૨	૮૯૫૭	૧૨૮		૬૭૯			
		૩૧- વાસણ	૨૯૬૩	૮૮૮૩	૩૧૪		૨૩૦૨			
		૧૪- કકવાડી-દાંતી	૮૭૮૫	૮૭૮૫	૫		૫૩			
		કુલ	૨૦૩૩૫	૩૭૬૪૦	૫૫૯	૧. ૪૯	૪૧૩૫	૧૦. ૯૯	૨૨	૩૫
૧૩	કપરાડા તા. કપરાડા	૪-ચાવશાળા	૩૧૧૦	૭૭૪૬	૦		૭૭૨૩			
		૬-કપરાડા	૫૪૬૦	૮૩૩૪	૮		૮૨૦૩			
		૯-ખડકવાળ	૩૪૬૨	૭૫૫૩	૦		૭૪૯૨			
		૧૧-મેણધા	૩૩૮૭	૮૨૩૬	૦		૮૨૧૮			
		કુલ	૧૫૪૧૯	૩૧૮૬૯	૮	૦. ૦૩	૩૧૬૩૬	૯૯. ૨૭	૩૩	૨
૧૪	ખતલવાડા તા. ઉમરગામ	૧૧-ખતલવાડા-૧	૭૨૮૨	૭૨૮૨	૧૫૮૧		૮૮૬			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૧૨-ખતલવાડા-૨	૭૩૧૪	૭૩૧૪	૪૭૦		૧૦૦૬			
		૧૩-ખતલવાડા-૩	૬૪૪૦	૮૯૧૨	૦		૮૪૭૯			
		૧૮-નારગોલ	૮૦૪૫	૯૫૩૫	૪૦૧		૨૫૬૪			
		કુલ	૨૯૦૮૧	૩૩૦૪૩	૨૪૫૨	૭. ૪૨	૧૨૯૩૫	૩૯. ૧૫	૧	૨૯
૧૫	કોસંબા તા. વલસાડ	૧૮- કોસંબા-૧	૬૯૩૩	૬૯૩૩	૮૫		૨૭૩			
		૧૯- કોસંબા-૨	૬૯૭૬	૫૯૭૬	૦		૩૭૪			
		૪- ભાગડાવડા	૧૨૨૯૧	૧૨૨૯૧	૩૪૮		૧૬૮૧			
		૩- ભદેલીજગાલાલા	૯૧૩૩	૧૦૩૯૫	૧૨૬		૧૧૯૨			
		કુલ	૩૫૩૩૩	૩૫૫૯૫	૫૫૯	૧. ૫૭	૩૫૨૦	૯. ૮૯	૨૧	૩૬
૧૬	માકડબન તા. ધરમપુર	૧૮-મોટી કોરવળ	૨૦૭૯	૮૪૭૭	૦		૮૨૯૨			
		૧૧-ધામણી	૩૩૩૦	૭૦૮૩	૦		૭૦૬૫			
		૧૨-ગુંદીયા	૧૮૧૭	૮૨૩૨	૦		૮૦૭૧			
		૧૭-માકડબન	૪૭૨૭	૭૪૪૧	૦		૭૩૬૪			
		કુલ	૧૧૯૫૩	૩૧૨૩૩	૦	૦. ૦૦	૩૦૭૯૨	૯૮. ૫૯	-	૭
૧૭	માંડવા તા. નાનાપોંઢા	૫-જીરવલ	૨૭૩૭	૭૧૪૮	૨૦		૬૯૫૯			
		૬-જોગવેલ	૩૨૫૨	૬૦૨૮	૦		૫૯૭૨			
		૯-કોઠાર	૨૨૮૨	૫૮૮૯	૪૩		૬૦૧૭			
		૧૧-માંડવા	૬૨૩૮	૬૨૩૮	૧૩૫		૫૪૧૨			
		૧૮-ઓઝરડા	૩૬૫૬	૮૦૮૪	૪		૭૯૭૫			
		કુલ	૧૮૧૬૫	૩૩૩૮૭	૨૦૨	૦. ૬૧	૩૨૩૩૫	૯૬. ૮૫	૨૫	૧૧
૧૮	મરોલી તા. ઉમરગામ	૧૫- મરોલી-૧	૬૦૯૬	૮૬૩૩	૮૪૬		૭૮૩			
		૧૬-મરોલી-૨	૭૦૪૫	૯૫૫૯	૪૪૯		૬૩૦૪			
		૧૦-કલગામ	૪૦૨૪	૧૦૬૮૭	૫૦૪		૫૯૭૨			
		કુલ	૧૭૧૬૫	૨૮૮૭૯	૧૭૯૯	૬. ૨૩	૧૩૦૫૯	૪૫. ૨૨	૨	૨૫
૧૯	મેઘવાળ તા. કપરાડા	૩-અસ્ટોલ	૨૪૪૦	૮૩૦૬	૪		૮૧૫૪			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૭-કરચોંડ	૨૭૦૭	૬૮૮૪	૪		૬૮૪૪			
		૧૦-મેઘવાળ	૨૯૬૦	૮૧૯૫	૦		૮૧૪૬			
		૧૮-વાડી	૨૫૯૩	૭૨૬૭	૧		૭૨૩૦			
		૨૦-વારોલી જંગલ	૨૫૩૪	૭૦૨૯	૦		૭૦૦૭			
		કુલ	૧૩૨૩૪	૩૭૬૮૧	૯	૦. ૦૨	૩૭૩૮૧	૯૯. ૨૦	૩૪	૩
૨૦	મોહનગામ તા. ઉમરગામ	૧૭-મોહનગામ	૬૨૨૫	૯૭૮૯	૫૩૩		૮૦૩૩			
		૯-કાલઈ	૩૧૯૧	૭૭૮૮	૩૧૫		૩૯૬૬			
		૨૯-વલવાડા	૩૯૨૨	૧૦૯૨૧	૫૦૦		૬૨૬૮			
		૮-કચીગામ	૩૩૭૫	૯૮૦૧	૧૫૦		૮૪૮૧			
		કુલ	૧૬૭૧૩	૩૮૨૯૯	૧૪૯૮	૩. ૯૧	૨૬૭૪૮	૬૯. ૮૪	૫	૨૧
૨૧	મોટાપોઢા તા. નાનાપોંઢા	૧૦-લવાછા	૮૫૪૯	૮૫૪૯	૧૨૧		૩૦૦૭			
		૧૨-મોટાપોંઢા-૧	૮૫૨૪	૮૫૨૪	૩૭૩		૭૨૬૮			
		૧૩-મોટાપોંઢા-૨	૧૪૧૮	૮૧૭૬	૧૦૪		૬૮૫૩			
		૧૪-મોટી તંબાડી	૫૦૨૮	૬૯૪૭	૧૬૧		૬૨૪૯			
		૧૭-નાની તંબાડી	૩૭૯૦	૭૩૧૫	૩૦૮		૪૮૫૧			
		કુલ	૨૭૩૦૯	૩૯૫૧૧	૧૦૬૭	૨. ૭૦	૨૮૨૨૮	૭૧. ૪૪	૧૨	૨૦
૨૨	નનકવાડા તા. વલસાડ	૨૪- નનકવાડા	૧૦૧૭૨	૧૦૧૭૨	૩૫૯		૨૧૨૫			
		૨૬- પારડીપારનેરા	૫૪૫૪	૯૭૬૬	૩૦૩		૪૨૩૬			
		૨૯- સેગવી	૨૯૪૮	૭૫૯૧	૧૧૭		૧૨૫૧			
		કુલ	૧૮૫૭૪	૨૭૫૨૯	૭૭૯	૨. ૮૩	૭૬૧૨	૨૭. ૬૫	૧૧	૩૩
૨૩	નાનાપોઢા તા. નાનાપોંઢા	૨-અરણાઈ	૨૭૧૬	૮૧૫૭	૧		૮૧૩૫			
		૩-ચીવલ	૩૮૦૬	૬૯૪૦	૯૬		૫૯૭૫			
		૪-ડહેલી	૨૭૫૫	૬૬૧૯	૧૧૯		૫૫૮૨			
		૧૫-મોટી વહીયાળ	૨૯૧૮	૮૨૭૯	૧૨૪		૭૩૨૮			
		૧૬-નાનાપોંઢા	૪૧૪૬	૬૩૬૫	૧૩		૪૬૩૯			
		કુલ	૧૬૩૪૧	૩૬૩૬૦	૩૫૩	૦. ૯૭	૩૧૬૫૯	૮૭. ૦૭	૨૪	૧૪

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૨૪	પારડીસાંઢપોર તા. વલસાડ	૨૭- પારડીસાંઢપોર	૭૮૩૩	૧૧૧૫૫	૪૫૮		૩૪૭૫			
		૮- ધનોરી	૩૬૬૯	૯૪૨૩	૨૪૧		૪૭૭૩			
		૧૨- ગુંદલાવ	૩૯૨૨	૮૭૮૯	૧૬૬		૪૩૬૪			
		૧૭- ખજુરડી	૨૦૯૫	૭૭૦૨	૪૨૪		૩૯૪૭			
		કુલ	૧૭૫૧૯	૩૭૦૬૯	૧૨૮૯	૩. ૪૮	૧૬૫૫૯	૪૪. ૬૭	૮	૨૬
૨૫	પરીયા તા. પારડી	૧-અંબાચ	૭૨૩૬	૭૨૩૬	૨૧		૬૬૦૬			
		૧૬-રોહિણા	૫૮૩૩	૫૮૩૩	૭૧		૫૪૩૬			
		૪-ડુમલાવ	૩૮૦૮	૭૦૧૬	૩૭૮		૫૭૩૬			
		૧૩-પરીયા	૭૫૯૬	૭૫૯૬	૧૨૩		૬૨૪૯			
		૬-ગોઈમા	૭૪૮૪	૭૪૮૪	૫૯		૫૨૦૯			
		૯-નાના વાધછીપા	૨૦૬૧	૫૨૪૪	૧૦૭		૪૬૫૯			
		કુલ	૩૪૦૧૮	૪૦૪૦૯	૭૫૯	૧. ૮૮	૩૩૮૯૫	૮૩. ૮૮	૧૯	૧૫
૨૬	પારનેરા તા. વલસાડ	૨૮- પારનેરા	૧૨૨૯૬	૧૨૨૯૬	૩૪૪		૨૯૬૦			
		૨૧- મગોદડુંગરી	૪૭૦૧	૮૮૨૩	૬૫		૧૪૨૯			
		૨-અતુલ	૩૪૮૬	૭૬૨૧	૨૨૧		૩૬૭૬			
		કુલ	૨૦૪૮૩	૨૮૭૪૦	૬૩૦	૨. ૧૯	૮૦૬૫	૨૮. ૦૬	૧૭	૩૨
૨૭	સંજાણ તા. ઉમરગામ	૨૦-સંજાણ-૧	૭૭૬૦	૭૭૬૦	૯૮		૨૨૫૭			
		૨૧-સંજાણ-૨	૭૭૮૪	૭૭૮૪	૫૭		૨૨૯૭			
		૧૯-પળગામ	૪૮૯૩	૮૩૮૧	૬૬૪		૧૭૯૮			
		૩-દહાડ	૩૫૨૪	૮૩૪૨	૧૩		૪૭૬૬			
		કુલ	૨૩૯૬૧	૩૨૨૬૭	૮૩૨	૨. ૫૮	૧૧૧૧૮	૩૪. ૪૬	૧૪	૩૧
૨૮	સરીગામ તા. ઉમરગામ	૨૪-સરીગામ-૧	૭૪૫૪	૭૪૫૪	૪૬૦		૧૮૧૬			
		૨૩-સરીગામ-૨	૭૪૬૬	૭૪૬૬	૨૭૯		૨૦૧૪			
		૨૨-સરીગામ-૩	૪૯૮૩	૭૪૬૦	૧૮૯		૫૩૬૬			
		૨-ભીલાડ	૯૦૨૨	૯૦૨૨	૧૮૪		૪૪૦૧			
		કુલ	૨૮૯૨૫	૩૧૪૦૨	૧૧૧૨	૩. ૫૪	૧૩૫૯૭	૪૩. ૩૦	૬	૨૭

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૨૯	સીલ્વા તા. કપરાડા	૧-આંબાજંગલ	૪૧૫૬	૮૨૦૦	૦		૭૯૯૩			
		૮-કરજૂન	૨૩૨૧	૭૪૮૦	૦		૭૩૬૯			
		૧૪-નારવડ	૨૩૦૯	૬૨૫૯	૧		૬૧૪૫			
		૧૫-સીલ્વા	૫૦૬૬	૮૯૨૯	૪૮		૮૮૩૨			
		કુલ	૧૩૮૫૨	૩૦૮૬૮	૪૯	૦. ૧૬	૩૦૩૩૯	૯૮. ૨૯	૨૮	૮
૩૦	સોળસુંબા તા. ઉમરગામ	૨૬-સોળસુંબા-૧	૯૨૧૪	૯૨૧૪	૧૮૦		૨૦૨૨			
		૨૭-સોળસુંબા-૨	૯૫૮૨	૯૫૮૨	૧૬૧		૧૭૨૨			
		૫-દહેરી	૭૮૯૨	૭૮૯૨	૧૨૧૮		૨૨૦૮			
		કુલ	૨૬૬૮૮	૨૬૬૮૮	૧૫૫૯	૫. ૮૪	૫૯૫૨	૨૨. ૩૦	૩	૩૪
૩૧	સુખેશ તા. પારડી	૩-બાલદા	૩૬૨૧	૫૮૪૮	૩૩૬		૨૫૬૪			
		૧૮-સુખેશ	૫૦૧૯	૭૫૮૫	૫૧૭		૪૯૦૦			
		૧૭-સોનવાડા	૨૫૧૭	૪૯૩૩	૧૧૨		૩૮૪૫			
		૧૪-પરવાસા	૨૯૦૨	૭૧૫૮	૧૬૪		૫૬૯૦			
		૧૨-પંચલાઈ	૩૩૧૨	૬૮૬૫	૧૧૮		૫૬૬૬			
		૨-આમળી	૨૨૫૩	૬૩૪૭	૧૧૨		૫૬૨૫			
		કુલ	૧૯૬૨૪	૩૮૭૩૬	૧૩૫૯	૩. ૫૧	૨૮૨૯૦	૭૩. ૦૩	૭	૧૮
૩૨	તીસ્કરીતલાટ તા. ધરમપુર	૫-બારોલીયા	૪૦૮૮	૯૩૦૩	૨૪		૯૧૯૨			
		૯-બિલપુડી	૫૧૭૨	૬૫૦૧	૧૨		૬૩૧૪			
		૨૧-નાનીવહિયાળ	૪૨૭૮	૮૪૫૯	૬૦		૮૨૨૩			
		૨૩-તીસ્કરીતલાટ	૫૮૪૮	૮૨૮૧	૪		૮૦૬૫			
		કુલ	૧૯૩૮૬	૩૨૫૪૪	૧૦૦	૦. ૩૧	૩૧૭૯૪	૯૭. ૭૦	૨૭	૧૦
૩૩	ટુકવાડા તા. પારડી	૫-ડુંગરી	૪૯૬૭	૬૬૨૬	૧૪૦		૩૯૧૦			
		૮-મોતીવાડા	૩૮૭૧	૬૯૯૭	૧૯૦		૩૮૧૩			
		૧૦-ઓરવાડ	૫૪૨૦	૭૬૭૪	૨૪૦		૨૮૮૭			
		૧૫-રેટલાવ	૪૫૯૦	૬૧૬૯	૪૭૩		૧૯૩૮			

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળના નામ તથા નંબર	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસતી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસતી તથા જિ. પં. મતદાર મંડળની કુલ વસતી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસતી	ટકાવારી	વસતી	ટકાવારી	અનુ. જાતિની બેઠકો માટે	અનુ. આદિ જાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
		૧૯-ટુકવાડા	૫૪૩૦	૮૩૪૮	૨૦૧		૫૨૩૦			
		કુલ	૨૪૨૭૮	૩૫૮૧૪	૧૨૪૪	૩. ૪૭	૧૭૭૭૮	૪૯. ૬૪	૯	૨૪
૩૪	ઉમરસાડી તા. પારડી	૨૧-ઉમરસાડી-૧	૭૩૫૫	૭૩૫૫	૦		૬૭૫			
		૨૨-ઉમરસાડી-૨	૬૪૭૪	૯૦૯૯	૨૨૯		૫૨૪૭			
		૧૧-પલસાણા	૩૩૫૦	૫૬૮૨	૧૫૯		૩૦૪૬			
		૨૦-ઉદવાડા	૬૩૦૩	૬૩૦૩	૩૯૨		૨૭૫૪			
		૭-કોલક	૪૬૪૬	૬૭૯૯	૧૨૮		૧૬૭૦			
		કુલ	૨૮૧૨૮	૩૫૨૩૮	૯૦૮	૨. ૫૮	૧૩૩૯૨	૩૮. ૦૦	૧૫	૩૦
૩૫	વડોલી તા. કપરાડા	૫-ઘોટણ	૧૯૦૦	૭૮૮૩	૮		૭૮૩૨			
		૧૯-વડોલી	૪૭૬૧	૭૮૪૩	૦		૭૭૦૭			
		૨૧-વાવર	૨૯૧૦	૮૬૨૬	૧૦		૮૫૬૧			
		૨૨-વિરક્ષેત્ર	૪૩૬૫	૮૦૬૧	૨		૮૦૦૦			
		કુલ	૧૩૯૩૬	૩૨૪૧૩	૨૦	૦. ૦૬	૩૨૧૦૦	૯૯. ૦૩	૩૨	૪
૩૬	વાંકલ તા. વલસાડ	૩૦-વાંકલ	૫૭૫૪	૧૧૧૭૯	૧૨૬		૯૯૯૩			
		૩૨-વેલવાચ	૩૭૯૧	૧૦૭૮૯	૩૩૫		૯૯૩૭			
		૨૫- ઓઝર	૩૦૬૦	૯૪૧૪	૧૨૪		૭૪૬૦			
		કુલ	૧૨૬૦૫	૩૧૩૮૨	૫૮૫	૧. ૮૬	૨૭૩૯૦	૮૭. ૨૮	૨૦	૧૩

જે તે જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની યાદી તાલુકા પંચાયત મતદાર મંડળવાર આ સાથે સામેલ અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ રહે છે.

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯ માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ. જા./અ. જ. જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૧૪	ખતલવાડા	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	અ. જા./અ. જ. જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત આદિજાતિ			
૫	આવધા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૩	કપરાડા	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૯	મેઘવળ	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૫	વડોલી	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	આસલોણા	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૧	હનમતમાળ	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૬	માકડબન	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૯	સિલ્વા	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	આંબાતલાટ	૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૨	તિસ્કરીતલાટ	૧૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૭	માંડવા	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૬	બામટી	૧૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૬	વાંકલ	૧૩	અનુસૂચિત આદિજાતિ
૨૩	નાનાપોંઢા	૧૪	અનુસૂચિત આદિજાતિ
૨૫	પરીયા	૧૫	અનુસૂચિત આદિજાતિ
૮	ડહેલી	૧૬	અનુસૂચિત આદિજાતિ
૩	અંભેટી	૧૭	અનુસૂચિત આદિજાતિ
૩૧	સુખેશ	૧૮	અનુસૂચિત આદિજાતિ
૪	અટગામ	૧૯	અનુસૂચિત આદિજાતિ
૨૧	મોટાપોંઢા	૨૦	અનુસૂચિત આદિજાતિ
૨૦	મોહનગામ	૨૧	અનુસૂચિત આદિજાતિ
૧૦	ફણસા	૨૨	અનુસૂચિત આદિજાતિ
૭	ચણવઈ	૨૩	અનુસૂચિત આદિજાતિ
૩૩	ટુકવાડા	૨૪	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૯	ડુંગરી	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૧૨	કકવાડી-દાંતી	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૧૫	કોસંબા	સા. શૈ. પછાતવર્ગ
૧૮	મરોલી	સા. શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ ૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૨૨	નનકવાડા	સામાન્ય સ્ત્રી
૨૪	પારડી સાંઢપોર	સામાન્ય સ્ત્રી
૨૬	પારનેરા	સામાન્ય સ્ત્રી
૨૭	સંજાણ	બિનઅનામત સામાન્ય
૨૮	સરીગામ	બિનઅનામત સામાન્ય
૩૦	સોળસુંબા	બિનઅનામત સામાન્ય
૩૪	ઉમરસાડી	બિનઅનામત સામાન્ય

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી, તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન કરી) બેઠકો ફાળવણી કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ ૪(૩), ૫(૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત(મતદાર વિભાગનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ. ૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા. ૨૦-૦૯-૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છેઃ

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી).

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૮. વલસાડ જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે તે વર્ગ માટે)**	**ફાળવવામાં આવેલ અ. જા/ અ. જ. જા બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૩૦	સોળસુંબા	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ			
૪	અટગામ	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	આવધા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૩	કપરાડા	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૬	માકડબન	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૭	માંડવા	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૦	મોહનગામ	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૫	પરીયા	૧૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨૯	સિલ્વા	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૨	તિસ્કરીતલાટ	૧૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૩	ટુકવાડા	૨૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૫	વડોલી	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩૬	વાંકલ	૧૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	આંબાતલાટ	૯	અનુસૂચિત આદિજાતિ
૨	આસલોણા	૫	અનુસૂચિત આદિજાતિ
૩	અંભેટી	૧૭	અનુસૂચિત આદિજાતિ
૬	બામટી	૧૨	અનુસૂચિત આદિજાતિ
૭	ચણવઈ	૨૩	અનુસૂચિત આદિજાતિ
૮	ડહેલી	૧૬	અનુસૂચિત આદિજાતિ
૧૦	ફણસા	૨૨	અનુસૂચિત આદિજાતિ
૧૧	હનમતમાળ	૬	અનુસૂચિત આદિજાતિ
૧૨	કકવાડી-દાંતી	૩૫	અનુસૂચિત આદિજાતિ
૧૮	મરોલી	૨૫	અનુસૂચિત આદિજાતિ
૧૯	મેઘવળ	૩	અનુસૂચિત આદિજાતિ
૩૧	સુખેશ	૧૮	અનુસૂચિત આદિજાતિ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧૪	ખતલવાડા	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૧૫	કોસંબા	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
૨૧	મોટાપોંઢા	સા. શૈ. પછાતવર્ગ
૨૨	નનકવાડા	સા. શૈ. પછાતવર્ગ

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૯	ડુંગરી	સામાન્ય સ્ત્રી
૨૩	નાનાપોંઢા	સામાન્ય સ્ત્રી
૨૮	સરીગામ	સામાન્ય સ્ત્રી
૨૪	પારડી સાંઢપોર	બિનઅનામત સામાન્ય
૨૬	પારનેરા	બિનઅનામત સામાન્ય
૨૭	સંજાણ	બિનઅનામત સામાન્ય
૩૪	ઉમરસાડી	બિનઅનામત સામાન્ય

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી ને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેનાં સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વલસાડને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૪-વલસાડ-જિ.પં.-૨૦૨૬, તા. ૨૪/૦૨/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૧

જિલ્લાનું નામ : વલસાડ **જિલ્લા પંચાયતનું નામ : વલસાડ**

અ. નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
૧	વલસાડ	૧	આબાંતલાટ	ઘરમપુર	૩૧	૯	અનુસૂચિત આદિજાતિ
		૨	આસલોણા	કપરાડા	૨૯	૫	અનુસૂચિત આદિજાતિ
		૩	અંભેટી	નાનાપોંઢા	૧૩	૧૭	અનુસૂચિત આદિજાતિ
		૪	અટગામ	વલસાડ	૧૬	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૫	આવધા	ઘરમપુર	૩૫	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૬	બામટી	ઘરમપુર	૨૬	૧૨	અનુસૂચિત આદિજાતિ
		૭	ચણવઈ	વલસાડ	૨૩	૨૩	અનુસૂચિત આદિજાતિ
		૮	ડહેલી	ઉમરગામ	૧૮	૧૬	અનુસૂચિત આદિજાતિ
		૯	ડુંગરી	વલસાડ	૪	૨૮	સામાન્ય સ્ત્રી
		૧૦	ફણસા	ઉમરગામ	૧૦	૨૨	અનુસૂચિત આદિજાતિ
		૧૧	હનમતમાળ	ઘરમપુર	૩૦	૬	અનુસૂચિત આદિજાતિ
		૧૨	કકવાડી દાતી	વલસાડ	૨૨	૩૫	અનુસૂચિત આદિજાતિ
		૧૩	કપરાડા	કપરાડા	૩૩	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૪	ખતલવાડા	ઉમરગામ	૧	૨૯	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૧૫	કોસંબા	વલસાડ	૨૧	૩૬	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૧૬	માકડબન	ઘરમપુર	-	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૭	માંડવા	નાનાપોંઢા	૨૫	૧૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૧૮	મરોલી	ઉમરગામ	૨	૨૫	અનુસૂચિત આદિજાતિ
		૧૯	મેઘવાળ	કપરાડા	૩૪	૩	અનુસૂચિત આદિજાતિ
		૨૦	મોહનગામ	ઉમરગામ	૫	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૧	મોટાપોઢા	નાનાપોંઢા	૧૨	૨૦	સા.શૈ.પછાતવર્ગ
		૨૨	નનકવાડા	વલસાડ	૧૧	૩૩	સા.શૈ.પછાતવર્ગ
		૨૩	નાનાપોઢા	નાનાપોઢા	૨૪	૧૪	સામાન્ય સ્ત્રી
		૨૪	પારડીસાંઢપોર	વલસાડ	૮	૨૬	બિનઅનામત સામાન્ય
		૨૫	પરીયા	પારડી	૧૯	૧૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૬	પારનેરા	વલસાડ	૧૭	૩૨	બિનઅનામત સામાન્ય
		૨૭	સંજાણ	ઉમરગામ	૧૪	૩૧	બિનઅનામત સામાન્ય
		૨૮	સરીગામ	ઉમરગામ	૬	૨૭	સામાન્ય સ્ત્રી

અ. નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
		૨૯	સીલ્વા	કપરાડા	૨૮	૮	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૩૦	સોળસુંબા	. ઉમરગામ	૩	૩૪	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૩૧	સુખેશ	પારડી	૭	૧૮	અનુસૂચિત આદિજાતિ
		૩૨	તીસ્કરીતલાટ	ઘરમપુર	૨૭	૧૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૩૩	ટુકવાડા	પારડી	૯	૨૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૩૪	ઉમરસાડી	પારડી	૧૫	૩૦	બિનઅનામત સામાન્ય
		૩૫	વડોલી	કપરાડા	૩૨	૪	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૩૬	વાંકલ	વલસાડ	૨૦	૧૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૪-વલસાડ-જિ. પં.-૨૦૨૬, તા. ૨૪/૦૨/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૨

વલસાડ જિલ્લા પંચાયતની તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી

તાલુકા પંચાયત : વલસાડ

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	અટગામ	૧	અટગામ
૨	અતુલ	૧	અતુલ
		૨	હરીયા
		૩	પારડી હરીવા
		૪	ભગોદ
૩	ભદેલીજગાલાલા	૧	ભદેલી જગાલાલ
		૨	ભદેલી દેસાઈ પાર્ટી
૪	ભાગડાવડા	૧	ભાગડાવાડાં
૫	ચણવઈ	૧	ચણવાઈ
		૨	બીનવાડા
		૩	રાબડા
૬	છરવાડા	૧	છરવાડા
		૨	ધરાસણા
		૩	ઉમરસાડી
		૪	ભાગલ

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૭	ચીખલા	૧	ચીખલા
		૨	કુંડી
		૩	સરોણ
		૪	સરોધી
૮	ધનોરી	૧	ધનોરી
		૨	તીઘરા
		૩	સોનવાડા
		૪	ભાણજી ફળીયા
		૫	એદરગોટા
૯	ડુંગરી	૧	ડુંગરી
		૨	શંકરતળાવ
૧૦	ગાડરીયા	૧	ગાકરીયા
		૨	અંજલાવ
		૩	ભોમા પારડી
		૪	રોણવેલ
૧૧	ગોરગામ	૧	ગોરગામ
		૨	વાઘલધારા
		૩	પંચલાઇ
૧૨	ગુંદલાવ	૧	ગુંદલાવ
		૨	ધમડાચી
		૩	ઘડોઇ
૧૩	જુજવા	૧	જુજવા
		૨	પાથરી
		૩	અટકપારડી
		૪	વશીયર
૧૪	કકવાડી-દાંતી	૧	કકવાડીદાંતી
૧૫	કલવાડા	૧	કલવાડા
		૨	પીઠા
		૩	કોચવાડા
		૪	ઠકકરવાડા
		૫	સેગવા
૧૬	કાંજણરણછોડ	૧	કાંજણ રણછોડ
		૨	કાંજણહરી
		૩	કાંપરીયા

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૭	ખજુરડી	૧	ખજુરડી
		૨	પાલણ
		૩	ફણસવાડા
		૪	મુળી
		૫	ઓવાડા
૧૮	કોસંબા-૧	૧	કોસંબા
૧૯	કોસંબા-૨	૧	કોસંબા
૨૦	લીલાપોર	૧	લીલાપોર
		૨	વેજલપોર
		૩	નંદવાલા
		૪	કેવાડા
		૫	ગોરવાડા
૨૧	મગોદડુંગરી	૧	મગોદ ડુંગરી
		૨	મગોદ
		૩	મેહ
૨૨	માલવણ	૧	માલવણ
		૨	ઉટડી
		૩	દાંડી
૨૩	મરલા	૧	મરલા
		૨	દુલસાડ
		૩	સારંગપુર
૨૪	નનકવાડા	૧	નનકવાડા
૨૫	ઓઝર	૧	ઓઝર
		૨	નવેરા
		૩	ભુતસર
		૪	બોદલાઇ
		૫	વલંડી
૨૬	પારડીપારનેરા	૧	પારડી પારનેરા
		૨	ચિંચવાડા
		૩	દિવેદ
		૪	અટારા
૨૭	પારડીસાંઢપોર	૧	પારડી સાંઢપોર
		૨	ભાગડાખુર્દ
૨૮	પારનેરા	૧	પારનેરા
૨૯	સેગવી	૧	સેગવી

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૨	તીથલ
		૩	સુરવાડા
૩૦	વાંકલ	૧	વાંકલ
		૨	ફલધરા
૩૧	વાસણ	૧	વાંસણ
		૨	ઓલગામ
		૩	રોલા
		૪	જેસપોર
૩૨	વેલવાચ	૧	વેલવાચ
		૨	કાકડમટી
		૩	કચીગામ
		૪	કોસમકુવા
		૫	ચિંચાઇ

તાલુકા પંચાયત : ધરમપુર

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આંબાતલાટ	૧	આંબાતલાટ
		૨	લુહેરી
૨	આંબોસી ભવઠાણ	૧	આંબોસીભવઠાણ
		૨	જામલીયા
		૩	પાંડવખડક
		૪	સોનદર
૩	આવધા	૧	આવધા
		૨	સિદુમ્બર
		૩	ગોરખડા
૪	બામટી	૧	બામટી
		૨	આસુરા
૫	બારોલીયા	૧	બારોલીયા
		૨	કાકડકુવા
		૩	ઝરીયા
૬	બરૂમાળ	૧	બરૂમાળ
		૨	શેરીમાળ
૭	ભાનવળ	૧	ભાનવળ
		૨	વાઘવળ
		૩	ઉલસપેઢી

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
		૪	સામરસીંગી
		૫	ઉપલપાડા
		૬	વાંઝલટ
		૭	પોઢાજંગલ
		૮	હૈદરી
		૯	નાનીકોસબાડી
		૧૦	મોટીકોસબાડી
૮	ભેંસદરા	૧	ભેંસદરા
		૨	ફુલવાડી
૯	બિલપુડી	૧	બિલપુડી
		૨	ચીચોઝર
૧૦	બોપી	૧	બોપી
		૨	નડગધરી
		૩	જાગીરી
		૪	સજનીબરડા
		૫	ચાસમાડવા
		૬	તણછીયા
૧૧	ધામણી	૧	ધામણી
		૨	તામછડી
		૩	ધાકવળ
૧૨	ગુંદીયા	૧	ગુંદીયા
		૨	તુતરખેડ
		૩	ખડકી
		૪	પૈખેડ
		૫	ચવરા
		૬	સાદડવેરા
		૭	મધુરી
		૮	ખપાટીયા
		૯	સાંતવાકલ
		૧૦	ભવઠાણ જંગલ
૧૩	હનમતમાળ	૧	હનમતમાળ
		૨	મનાઈચોંઢી
		૩	ગનવા
		૪	બોકડધરા
		૫	શીશુમાળ

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૪	કરંજવેરી	૧	કરંજવેરી
		૨	ખટાણા
		૩	કાંગવી
૧૫	ખાંડા	૧	ખાંડા
		૨	ભવાડા
		૩	હથનબારી
		૪	ખામદહાડ
		૫	રાજપુરીજંગલ
૧૬	ખારવેલ	૧	ખારવેલ
		૨	બારસોલ
		૩	ભાંભા
		૪	રાનપાડા
૧૭	માકડબન	૧	માકડબન
		૨	દાંડવળ
		૩	પેણધા
૧૮	મોટી કોરવળ	૧	મોટીકોરવળ
		૨	મોહનાકાવચાલી
		૩	નાનીકોરવળ
		૪	સીગારમાળ
		૫	અવલખંડી
		૬	મોહપાડા
		૭	વાંસદાજંગલ
		૮	ખોબા
		૯	ભૂતરૂણ
૧૯	મુરદડ	૧	મુરદડ
		૨	મામાભાચા
		૩	ગડી
		૪	બિલ્યા
		૫	પીપલપાડા
		૬	મોરદહાડ
		૭	કોસીમપાડા
		૮	વણખાસ
		૯	મોલવેરી
		૧૦	વાઠોડા

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૨૦	નાનીઢોલડુંગરી	૧	નાનીઢોલડુંગરી
		૨	મોટીઢોલડુંગરી
		૩	મરઘમાળ
		૪	વિરવલ
		૫	રાજપુરીતલાટ
૨૧	નાનીવહિયાળ	૧	નાનીવહિયાળ
		૨	કુરગામ
		૩	લાકડમાળ
૨૨	પીંડવળ	૧	પીડવળ
		૨	પંગાભારી
		૩	પીપરોળ
		૪	રાનવેરી
		૫	પીરમાળ
૨૩	તીસ્કરીતલાટ	૧	તીસ્કરીતલાટ
		૨	તુંબી
		૩	ટાંકી
૨૪	ઉકતા	૧	ઉકતા
		૨	કેળવણી
		૩	પાનવા
		૪	ટીટુખડક

તાલુકા પંચાયત : કપરાડા

અ. નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આંબાજંગલ	૧	લવકર
		૨	દાબખલ
		૩	દાભાડી
		૪	આંબાજંગલ
૨	આસલોણા	૧	આસલોણા
